**–: ક્રીમીનલ પરચુરણ અરજી નંબર–૯૬/૨૦૨૬ ના કામે આરોપી બાન્ગમોય દેબદાસ ચક્રવર્તીની જામીનઅરજ લગત હુકમ :–**

---

**(૧)..** અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી.વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રી ની મૌખિક રજુઆત સાંભળવામા આવી.રજુ રેકર્ડ વંચાણે લીધુ.

**(૨)..** અરજદાર/આરોપી વિરૂધ્ધ રાજપીપળા પોલીસ સ્ટેશન મુકામે ગુના રજીસ્ટરનં.૧૧ ૮૨૩૦૧૭૨૫૧૯૦૬/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ. ૩૧૬(૪),૩૧૬ (૫),૩૩૮ મુજબનો ગુનો નોધાયેલ તે ગુનાના કામે તપાસ થઈ અદાલત સમક્ષ હાલના અરજદાર /આરોપીઆરોપી વિરૂધ્ધ ઉપરોકત કલમ સબંધની વિગતના ગુનાનુ ચાર્જશીટ ક્રિ.કે.નં.૫૧૧/૨૦૨૬ થી આ અદાલત સમક્ષ દાખલ થયેલ છે.

**(૨.૧)..** વિ.એ.પી.પી.શ્રી ધ્વારા મૌખીક રજુઆત કરી આરોપી/અરજદારની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.વધુમાં જામીનઅરજી લગત કરેલ શેરો ધ્યાને લ ેવા જણાવેલ છે.

**(૩)..** અરજદાર/આરોપીની જામીન અરજી લગત આરોપીના વિ.વકિલશ્રી એ ભારપૂર્વક રજુઆત કરી જણાવેલ છે કે,અરજદાર/આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાનુ ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે.આરોપી લાંબા સમયથી જયુડીશીયલ કસ્ટડીમાં છે.આ કામના આરોપી કયાંય નાસી કે ભાગી જાય તેવા નથી .આરોપીને ગુના સાથે કાંઈ લાગતુ વળગતુ નથી,આરોપી વિરૂધ્ધ કોઈ ગુનો બનતો હોવાની કામગીરી કરેલ હોય તેવી વિગત નથી.આરોપીનો કોઈ રોલ નથી. ફરીયાદપક્ષનો આક્ષેપ બેંકમાંથી નાણાંની ઉચાપત કરવા સબંધેનો છે તે વિગત સબંધે લેશમાત્ર પુરાવો નથી. આરોપીની બદલી રાજપીપળા મુકામેની બ્રાંચમાંથી અન્ય જગ્યાએ થયા બાદ તદૃન ખોટી રીતે આરોપીને ગુનાના કામે સંડોવતો આક્ષેપ

કરવામા આવેલ છે. બેંકમા રોજેરોજ નાણાંની મેળવણી સબંધે હિસાબ થતો હોય છે. દર મહિને અને ત્રિમાસિક ઓડીટ થતુ હોય છે.આરોપી સદર બેંકમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન આવો બનાવ બનેલાની વિગત રેકર્ડ પર આવેલ નથી. આ તમામ વિગતો ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કોઈ પુરાવો નથી. તેથી તેઓને યોગ્ય શરતોને આધીન જામીનમુકત કરવા જોઈએ. વધુમા આરોપીની જામીનઅરજ મંજુર કરતા નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તે તમામ શરતોનુ પાલન કરવાની આરોપી તર્ફે નામદાર કોર્ટને ખાત્રી આપે છે, આરોપીના કુટુંબનો આધાર તેના પર છે તેથી આરોપી પર દયા રહેમ કરી જામીન મંજુર કરવા અરજ કરેલ છે.

(૪).. અરજદાર/ આરોપીની જામીનઅરજ તથા આરોપી તર્ફે થયેલ મૌખીક રજુઆત ધ્યાને રાખી રજુ રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપી વિરૂધ્ધ તેમની સામેના આક્ષેપિત ગુના સબબના ગુનાઓનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધના ચાર્જશીટનો પુરાવો વંચાણે લેતા જેમા જણાવેલ છે કે, <u>જુલાઈ–૨૦૨૨ થી તા.૧૭.૧૦.૨૦૨૫ ના સમય દરમ્યાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની રાજપીપળા શાખામા કેશ ઓફીસર તરીકેની ફરજ દરમ્યાન બેકીંગ ઓનલાઈન સિસ્ટમમા ખોટી એન્ટ્રીઓ કરી ખોટા રેકર્ડો ઉભા કરી, આરોપીને એસબીઆઈ રાજપીપલા શાખા અંતર્ગત (૧) રાજપીપલા સ્ટેશન રોડ ATM ID S1BC000465007 - **39,98,500/-**(૨) સ્વામીનારાયણ ગુરૂકુલ ATM ID S1NC000-**465009 39,92,300/-**(૩) સંતોષ ચોકડી રોડ ATM ID **S5NM000465624-62,00,100/-**(૪) સંતોષ ચોકડી ATM ID **S5NM000465625- 51,64,400/-** મળી **કુલ રૂપીયા ૧,૯૩,૫૫, ૩૦૦/– (અંકે રૂપિયા એક કરોડ ત્રાણુ લાખ પંચાવન હજાર ત્રણસો પુરા)**</u> ની રકમ <u>બેંક ધ્વારા કસ્ટડીમા સોંપવામા આવી હોવા છતા વાસ્તવમા સબંધિત એટીએમ અને સીડીએમમા જમા નહી કરી ગેરવહીવટ કરી નાણાં પોતે રાખી લઈ ઉચાપત કરી રાજયસેવક તરીકે એસબીઆઈ સાથે વિશ્વાસઘાત કરી, ભારતીય ન્યાય સંહિતાની</u>

<u>કલમ.૩૧૬(૪), ૩૧૬(૫), ૩૩૮ અન્વયેનો ગુનો આચરવામા આવેલ.</u> આરોપીપક્ષ તર્ફે રજુઆત થયેલ છે કે,ગુનાનુ ચાર્જશીટ થઈ ગયેલ છે તેઓ વિરૂધ્ધ કોઈ પુરાવા ચાર્જશીટના દસ્તાવેજે જણાતા નથી તેથી તેથી જામીનમુકત કરવા જોઈએ.આમ આરોપીપક્ષની મહત્વની રજુઆત ચાર્જશીટ થયેલ હોઈ આરોપી વિરૂધ્ધ પુરાવો જણાતો ન હોઈ આરોપીને જામીનમુકત કરવા જણાવેલ છે **<u>પરંતુ આરોપી સામે ગુનાનુ ચાર્જશીટ થયેલ હોવા માત્રથીજ તેઓ જામીન મેળવવા આપોઆપ હકકદાર બનતા હોવા બાબતની રજુઆત સાથે સંમત થઈ શકાય નહી.આરોપીનો રોલ હોવાનુ ફલીત થતુ નથી તેવી વિગત આરોપી પક્ષ તર્ફે જણાવવામા આવેલ છે પરંતુ તે સબંધે આ તબકકે સ્પષ્ટ પુરાવો નથી તેવી વિગત થકી જ આરોપીપક્ષની રજુઆત સાથે સંમત થઈ શકાય નહી.</u>** આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતો આરોપીનુ કૃત્ય ખુબ જ ગંભીર ગુનાહીત કૃત્ય જણાયેલ હોઈ આરોપીને જામીનમુકત કરવા કે કેમ તે અત્રેની અદાલતનો વિવેકબુધ્ધિનો પ્રશ્ન થઈ પડે છે તે મુજબ વિવેકબુધ્ધિની સત્તા હંમેશા ન્યાયિક રીતે કાળજીપુર્વક સાવધાની ભરી રીતે ઉપયોગ કરવાનો હોય છે અને તે વિવેકબુધ્ધીની સત્તા વાપરવા બાબતે બિનજામીન લાયક ગુનાના કામે જામીન અંગેના નામદાર ઉચ્ચ અદાલત તથા ઉચ્ચતમ અદાલતના પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત નજરસમક્ષ રાખતાં તે ચુકાદાઓમા તારવવામાં આવેલ સિધ્ધાંતો અન્વયે નકકી કરવાનું રહે છે તે ચુકાદાઓનો સાર નજરસમક્ષ રાખી રજુ થયેલા પુરાવાનું મૂલ્યાકન આ તબકકે ન કરતાં પ્રથમદર્શનીય કેસ,ગુનાની ગં ભીરતા,ગુનાનો પ્રકાર, ગુનામાં સજાની જોગવાઈ બનાવનું પુનરાવર્તન થવાની શકયતા,આરોપીનો ગુનાહીત ઈતિહાસ સમાજનું બહોળુ હિત અને સમાજ ઉપર તેની પડનારી અસર પણ કોર્ટે ધ્યાને લેવાની હોય છે, વધુમા માત્ર ચાર્જશીટ રજુ થયેલ છે તેટલા માત્રથી જ સંજોગો બદલાયેલ છે તેટલા વિગતથી જ જામીન અરજી મંજુર કરવા પાત્ર થાય નહી અને આમ આ કામે રજુ રેકર્ડ ધ્યાને રાખી આરોપીની અરજી તથા તે સબંધે થયેલ રજુઆત ધ્યાનમા લેતા હાલના કામના આરોપીની

જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી તેથી આરોપીની જામીન અરજી લગત નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાય છે.

**–:: <u>હુકમ</u> ::–**

આ કામના આરોપી બાન્ગમોય દેબદાસ ચક્રવર્તી મુળ રહે. એ–૩૬, આદર્શ પાથ વરદન કોલોની, રામાણી રોડ, બીરસાનગર, ઝોન નં. ૧૦, પો. બારીદીહી, જી.ઈન્ટ સીગભુંગ,જમશેદપુર (ઝારખંડ) નાઓની જામીન અરજી આ તબકકે નામંજુર કરવામાં આવે છે .

હુકમ આજ રોજ તા. ૧૧ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

મુ.રાજપીપળા.

તા.૧૧/૦૩/૨૦૨૬

(વિનોદ કુમાર દિનુભાઈ પટેલ)

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,રાજપીપળા